પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૮ | ૧૯ માર્ચ, ૨૦૨૧, શુક્રવાર; ફાગણ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# મહાનગરોમાં ૧૦મી સુધી શાળા-કોલેજો બંધ

**કોરોનાના વધતા કહેરની વચ્ચે રાજ્યમાં વિવિધ પ્રતિબંધો લદાયા : ૮ મહાનગરોમાં શાળા-કોલેજોમાં ઓફલાઈન શિક્ષણ બંધ કરવા હુકમ : આઠેય મહાનગરોની શાળા કોલેજોના વિદ્યાર્થીઓને ઓનલાઇન ભણાવાશે, અન્ય જિલ્લા, વિસ્તારમાં ઓનલાઈન, ઓફલાઇન શૈક્ષણિક કાર્ય ચાલુ રહેશે**

અમદાવાદ, તા. ૧૮

રાજ્યમાં સતત વધી રહેલા કોરોના કેસના કારણે રાજ્ય સરકાર વિવિધ પ્રતિબંધ લગાવવામાં આવી રહ્યા છે. રાત્રિ કર્ફ્યુ અને સુરત અમદાવાદમાં બસો બંધ કર્યા બાદ આજે રાજ્ય સરકારે શિક્ષણને લઈને મહત્વનો નિર્ણય કર્યો છે. કોરોનાના વધતા ફેલાવા વચ્ચે આજથી પરીક્ષાઓ શરુ થઈ હતી. જેના કારણે વિદ્યાર્થીઓ અને વાલીઓ અસમંજસમાં હતા. ત્યારે રાજ્યના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જાહેરાત કરી છે કે આવતીકાલથી રાજ્યના આઠ મહાનગરોમાં શાળા કોલેજોમાં ઓફલાઈન શિક્ષણ બંધ કરવામાં આવશે. હવે આ આઠેય મહાનગરોની શાળા કોલેજોના વિદ્યાર્થીઓને ઓનલાઈન ભણાવવામાં આવશે. આઠ મહાનગરો સિવાયના રાજ્યના અન્ય જિલ્લાઓ અને વિસ્તારોની અંદર ઓનલાઈન અને ઓફલાઈન શૈક્ષણિક કાર્ય રાબેતા મુજબ શરુ રહેશે.

ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જાહેરાત કરતા કહ્યું કે રાજ્યના આઠ મહાનગરો અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જામનગર, ગાંધીનગર, જૂનાગઢની અંદર




શાળા અને કોલેજોનું શૈક્ષણિક કાર્ય બંધ રહેશે. આ સાથે જ યુનિવર્સિટીઓ અને કોલેજોની જે ઓફલાઈન પરીક્ષા લેવાની હતી તે પણ ૧૦ એપ્રિલ સુધી મોકૂફ રાખવામાં આવી છે.

આ પરીક્ષાઓ માટે હવે નવું ટાઈમટેબલ જાહેર કરવામાં આવશે. આ નિર્ણય સરકારી અને ખાનગી સંસ્થાઓને લાગુ પડે છે. ઉલ્લેખનીય છે કે આજથી બરાબર એક વર્ષ પહેલા આવા જ સમયે રાજ્યમાં શૌક્ષણિક કાર્ય બંધ કરાવામાં આવ્યું હતું. ત્યારે એક વર્ષ બાદ ફરીથી શિક્ષણને કોરોનાનું ગ્રહણ લાગ્યું છે.

રાજ્યમાં કોરોનાએ ફરી એકવાર માથું ઉચક્યું છે ત્યારે સરકારે રાજ્યની આઠ મહાનગરપાલિકાઓમાં સ્કૂલો ૧૦ એપ્રિલ સુધી બંધ રાખવા માટે આદેશ આપ્યો છે. શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ અંગે જાહેરાત કરતા જણાવ્યું હતું કે, રાજ્યની ૮ મહાનગર પાલિકાઓમાં ૧૦ એપ્રિલ સુધી તમામ સ્કૂલો ૧૯ માર્ચથી ૧૦ એપ્રિલ સુધી બંધ રહેશે, અને વિદ્યાર્થીઓને ઓનલાઈન ભણાવાશે. માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં પ્રથમ પરીક્ષા ઓનલાઈન લેવામાં આવશે.

# એક વર્ષમાં તમામ ટોલપ્લાઝા દૂર કરાશેઃ ગડકરી




**લોકસભામાં પરિવહન મંત્રીની જાહેરાત : ટેક્નોલોજી પર કામ કરી રહી છે જેમાં વાહન હાઈવે પર ચઢે ત્યાંથી ફોટો લેશે અને જ્યાંથી ઉતરશે ત્યાં ફોટો લેશે, આમ એટલા અંતરનો ટોલ ચુકવવો પડશે**

ન્યુ દિલ્હી,તા.૧૮

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ ગુરુવારે લોકસભામાં મોટી જાહેરાત કરી છે. નીતિન ગડકરીએ જાહેરાત કરતા કહ્યું છે કે સરકાર આગામી એક વર્ષમાં તમામ ટોલપ્લાઝા ખતમ કરવાની યોજના પર કામ કરી રહી છે. આવનાર સમયમાં ટેક્નોલોજીની મદદથી લોકોએ એટલો જ ટોલ ચૂકવવો પડશે જેટલું તેઓ હાઈવે પર મુસાફરી કરશે. અમરોહાથી બસપા સાંસદ કુંવર ડેનિશ અલીએ ગાઢ મુક્તેશ્વર પાસેના રસ્તા પર નગર નિગમની સરહદ પાસે ટોલ પ્લાઝા હોવાનો મુદ્દો ઉઠાવ્યો હતો.

આ સવાલનો જવાબ આપતા કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું હતું કે ગત સરકારે માર્ગ પરિયોજનાઓ ઠેકાઓમાં થોડી વધુ મલાઈ ખાવા માટે આવા અનેક ટોલ પ્લાઝા બનાવતી ગઈ છે. જે નગર સીમા પર છે. તે ચોક્કસ ખોટું છે અને અન્યાયી છે.

નીતિન ગડકરીએ કહ્યું કે હવે જો આ ટોલ પ્લાઝા હટાવવા જઈશું તો રોડ રસ્તો બનાવનાર કંપની વળતર માંગશે. પરંતુ, સરકારે આગામી એક વર્ષમાં દેશમાંથી તમામ ટોલ ખતમ કરી દેવાની યોજના બનાવી છે.

કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે ટોલ ખતમ કરવાનો અર્થ ટોલ પ્લાઝા ખતમ કરવાનો છે. હવે સરકાર એવી ટેક્નોલોજી પર કામ કરી રહી છે જેમાં તમે હાઈવે પર જ્યાંથી પણ ચઢશો, ત્યાંથી જ તમારા જીપીએસની મદદથી કેમેરા તમારો ફોટો પાડશે અને જ્યાંથી પણ તમે હાઈવે પર થી ઉતારશો ત્યાંનો ફોટો પાડશે અને આટલા અંતરનો જ ટોલ આપવો પડશે.

ઉલ્લેખનીય છે કે ટોલ પ્લાઝાને કારણે સતત લાગતા ટ્રાફિક જામ અને મુસાફરોને થતી હેરાનગતિનો મુદ્દો પણ ઘણા લાંબા સમયથી ઉઠતો આવ્યો છે, હાલ કેન્દ્ર સરકાર તમામ નેશનલ હાઈવે પર ફાસ્ટેગની સુવિધા લાગુ કરવામાં આવી છે.

## વ્હીકલ સ્ક્રેપ નીતિની જાહેરાત નવા વ્હીકલ પર મળશે ડિસ્કાઉન્ટ

ન્યુ દિલ્હી,તા.૧૮

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ ગુરુવારે લોકસભામાં વ્હીકલ સ્ક્રેપ નીતિની જાહેરાત કરી. આ અંતર્ગત સરકાર હવે જુના વાહનોના સ્ક્રેપના બદલે નવા વાહનો ખરીદવા પર ગ્રાહકોને છૂટ આપવાની જોગવાઈ કરી રહી છે. ગડકરીએ જણાવ્યું કે આ પોલિસી હેઠળ જો કોઈ વ્યક્તિ પોતાનું જૂનું વાહન સ્ક્રેપિંગ (ભંગારમાં ) માટે આપે છે, તો નવા વાહનની ખરીદી પર તેને ૫ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

આ નીતિની ઘોષણા કરતા ગડકરીએ જણાવ્યું કે તેનાથી લોકોને નવા વાહનો ખરીદવામાં સરળતા થશે. સાથે જ સ્ક્રેપ સેન્ટરો, ઓટો ઈન્ડસ્ટ્રી અને વાહનના પાર્ટથી સંબંધિત ઉદ્યોગોને પણ નીતિનો લાભ મળશે. આંકડા રજૂ કરતાં ગડકરીએ જણાવ્યું હતું કે દેશમાં હાલ ૨૦ વર્ષ કરતા જુના ૫૧ લાખ વાહનો છે. આ ઉપરાંત, ૧૫ વર્ષથી વધુ જૂના ૩૪ લાખ વાહનો છે. આ ઉપરાંત ફિટનેસ સર્ટિફિકેટ વગરના ૧૫ વર્ષથી વધુ જૂના ૧૭ લાખ વાહનો છે. ફિટ વાહનોની સરખામણીમાં જૂના વાહન ૧૦-૧૨ ગણો વધુ પ્રદૂષણ ફેલાવે છે અને તે માર્ગ સલામતી માટે જોખમરૂપ છે.

# દેશમાં નવા ૩૫ હજાર કેસ

**૭૦ જિલ્લામાં દર્દીઓની સંખ્યામાં ૧૫૦ ટકાનો વધારો : એક દિવસમાં સૌથી વધુ ૧૭૨ના મોત, અત્યાર સુધીમાં ૧.૬ લાખ લોકોના મોત, એકલા મહારાષ્ટ્રમાં જ સૌથી વધુ કુલ કેસમાંથી ૬૪% કેસ નોંધાયા છે**

ન્યુ દિલ્હી,તા.૧૮

દેશમાં કોરોના વાઈરસની સ્થિતિ ધીમે-ધીમે બગડી રહી છે. દેશમાં આ વર્ષે પહેલીવાર કોરોના વાઈરસના સૌથી વધારે કેસ સામે આવ્યા છે. દેશમાં આજે પહેલીવાર કોરોનાના ૩૫ હજારથી વધારે કેસ નોંધાયા છે. આરોગ્ય મંત્રાલયના આંકડાઓ પ્રમાણે દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩૫,૮૭૧ નવા કેસો સામે આવ્યા છે. આ દરમિયાન દેશમાં ૧૭૨ લોકોના મોત થયાં છે. આ સાથે દેશમાં કોરોનાનો આંકડો વધીને ૧.૧૪ કરોડને પાર થયો છે.

આરોગ્ય વિભાગના આંકડાઓ પ્રમાણે દેશમાં કોરોના સંક્રમણના અત્યાર સુધીમાં કુલ ૧,૧૪,૭૪,૬૦૫ કેસ સામે આવી ચુક્યાં છે. જોકે તેમાં ૧,૧૦,૬૩,૦૨૫ લોકો સ્વસ્થ થઈ ચુક્યાં છે. દેશમાં કોરોનાના એક્ટિવ કેસો પણ સતત વધી રહ્યાં છે. દેશમાં કોરોનાના એક્ટિવ કેસો વધીને ૨,૫૨,૩૬૪ થયાં છે. ભારતમાં અત્યાર સુધીમાં કોરોનાના કુલ ૧,૫૯,૨૧૬ લોકોના મોત થઈ ચુક્યાં છે.

દેશમાં ફરી એકવાર કોરોનાના એક્ટિવ કેસ વધીને અઢી લાખને પાર થઈ ચુક્યાં છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૧૭,૯૫૮ એક્ટિવ કેસ વધ્યા છે. તેનાથી એક્ટિવ કેસનો દર વધીને ૨.૨૦% થયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૭,૭૪૧ લોકો સ્વસ્થ થઈ ચુક્યાં છે. તેનાથી રિકવરી રેટ વધીને ૯૬.૪૧% થયો છે. ભારતમાં કોરોના મૃત્યું દર હાલ ૧.૩૯% થયો છે. કોરોના સંક્રમણ પર કાબૂ મેળવવા માટે ફરી એકવાર અનેક રાજ્યોમાં સખ્ત્રી લાગૂ કરવામાં આવી રહી છે. ગુજરાત, મહારાષ્ટ્ર સહિત અનેક રાજ્યોના મોટા શહેરોમાં રાત્રિ કરફ્યૂ લગાવવા જેવા સખ્ત પગલાં ભરવાં પડ્યાં છે.

## ટાન્ઝાનિયાના રાષ્ટ્રપતિ જ્હોન મગુફુલીનું નિધન

ડોડોમા,તા.૧૮

ટાન્ઝાનિયાના રાષ્ટ્રપતિ જ્હોન મગુફુલીનું ૬૧ વર્ષની ઉંમરે નિધન થયું છે. ટાન્ઝાનિયાના ઉપરાષ્ટ્રપતિ સામિયા સુલુહુએ મગુફુલીના નિધનની પુષ્ટિ કરી છે. એવી આશંકા વ્યક્ત કરાઈ રહી છે કે રાષ્ટ્રપતિ કોરોનાથી સંક્રમિત હતા. જો કે હજુ તેની કોઈ ખરાઈ થઈ નથી. ૨૭ ફેબ્રુઆરી બાદ રાષ્ટ્રપતિ જ્હોન મગુફુલી જાહેર કાર્યક્રમમાં જોવા મળ્યા નથી. ત્યારબાદથી તેમની બીમારીને લઈને અટકળોનો દોર ચાલુ હતો.

એવું પણ કહેવાઈ રહ્યું હતું કે તેઓ ગુપચુપ કોરોનાની સારવાર કરાવી રહ્યા હતા. રાષ્ટ્રપપતિ મગુફુલી સંડે ચર્ચ સર્વિસમાં મોટાભાગે ભાગ લેતા હતા પરંતુ ૨૭ ફેબ્રુઆરી બાદથી તેઓ કોઈ પણ જાહેર કાર્યક્રમમાં જોવા મળ્યા નથી.

## મ્યાનમારના લોકોની ભારતમાં ઘૂસણખોરી

**લશ્કરી બળવા બાદ ૩૮૩ લોકોની દેશમાં ઘૂસણખોરી : ગૃહ મંત્રાલયે મિઝોરમમાં એલર્ટ જારી કર્યો, સ્થાનિક સરકારી અધિકારીઓને સાવધાન રહેવાનો હુકમ આપ્યો**

નવી દિલ્હી, તા. ૧૮

મ્યાંમારમાં રાજકીય અરાજકતા સર્જાતાં લોકોએ ભારતમાં ઘૂસણખોરી શરૂ કરી છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના આંકડા પ્રમાણે મ્યાંમારમાં લશ્કરી બળવો થયો તે પછી ૩૮૩ મ્યાંમારના નાગરિકોએ મિઝોરમમાં ઘૂસણખોરી કરી હતી. ગૃહ મંત્રાલયે મિઝોરમના અધિકારીઓને એલર્ટ જારી કર્યો હતો. છ સરહદી જિલ્લામાં મ્યાંમારના નાગરિકો ઘૂસી ગયા હતા. તેના પગલે સરકારે સ્થાનિક સરકારી અધિકારીઓને સાવધાન રહેવાનો આદેશ આપ્યો હતો. સરકારી આંકડાં પ્રમાણે ૨૯૭ લોકોનું વેરિફિકેશન થયું હતું, જેમાં એ મ્યાંમારના નાગરિકો હોવાનું સાબિત થયું હતું. ૮૬ લોકોના વેરિફિકેશનની પ્રક્રિયા હાથ ધરાઈ હતી.

GOOD HEALTH
DIAGNOSTIC & OPD CENTER

આપના માટે લાવ્યું છે ખાસ ઓફર

નીચેના પ્રોફાઈલ માટે Home Collection ની સુવિધા

| | | |
|---|---|---|
| GH Basic Profile (50 Test) | ~~1500/-~~ | @ Rs. 950/- |
| GH Advance Profile (64 Test) | ~~3400~~ | @ Rs. 2250/- |
| GH Senior Citizen Profile (66 Test) | ~~4600~~ | @ Rs. 3000/- |
| GH Diabetic Profile (51Test) | ~~1700~~ | @ Rs. 1100/- |
| GH Healthy Heart Profile (30Test) | ~~2400~~ | @ Rs. 1600/- |

આવી બીજી પ્રોફાઈલની જાણકારી માટે Whats app અથવા ફોન કરો : 82380 59944

જોઈન્ટ રીપ્લેસમેન્ટ કેમ્પ ફી ૧૦૦/- રૂા.

દર રવિવારે ડાયાબીટીસ કેમ્પ સવારે ૧૦ થી ૧૨

MD Medicine - Physician | Dr. Parth Trivedi - MS Ortho

સ્થળ : ૧૦૪, મેકડોનાલ્ડની ઉપર, પ્રમુખ ટેન્જેન્ટ, સરગાસણ ચોકડી, સરગાસણ, ગાંધીનગર

Vશાલ
SUPER MARKETની આજ
ક્લીનીક પ્લસ સેમ્પુ
650 ML.
૨૦૦/-રૂ. Off
સેક્ટર-૬/કુડાસણ

## પ્રથમ માસિક પુણ્યતિથિએ

## શ્રદ્ધાંજલિ



**સ્વ. રામચંદ્રભાઈ જી. પટેલ**
ઈસનપુરમોટા
જન્મ તા. : ૨૧/૬/૧૯૫૦ ● સ્વર્ગવાસ તા. ૧૯/૦૨/૨૦૨૧

આપનું સાદગીભર્યું જીવન, માયાળુ સ્વભાવ અને નિખાલસ વ્યક્તિત્વ અમે જીવનભર ભૂલીશું નહીં, આપની હયાતિ અમારી પ્રેરણા હતી. આપે ચંદન જેવું જીવન જીવીને શીતળતા સૌને આપી. આપની કૌટુંબિક ભાવના અને પરોપકારવૃત્તિની સુવાસ સદાયે મહેંકતી રહેશે, આપની અણધારી વિદાય અમારા હૈયાંને રડાવી ગઈ.

પ્રભુ આપના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એ જ અમારી પ્રભુ પ્રાર્થના...

| | |
|---|---|
| હરિભાઈ એ. પટેલ | રમેશભાઈ જી. પટેલ |
| ભીખાભાઈ એ. પટેલ | કનુભાઈ ડી. પટેલ |
| જયંતીભાઈ પી. પટેલ | મહેશભાઈ એસ. પટેલ |
| જીલુસિંહજી બી. બિહોલા | વિનોદભાઈ એન. પટેલ |
| રમણભાઈ એ. પટેલ | રમેશભાઈ બી. પટેલ |
| ઈશ્વરભાઈ એ. પટેલ | કડવાભાઈ એસ. પ્રજાપતિ |
| દિનેશભાઈ જે. કવિ | ભરતભાઈ એન. શાહ |
| બાબુભાઈ એસ. પટેલ | પ્રફુલભાઈ એસ. રાવલ |